SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# કૌટિલ્યનું અર્થશાસ્ત્રઃ આધુનિક નીતિ માળખામાં મૌર્યકાલીન આર્થિક વિચારોની સુસંગતતા

Dr.Bhardwajbhai P. Vyas
Assistant Professor of Economics
Government Arts College, Talaja
Maharaja Krishnakumarsinhji Bhavnagar University, Bhavnagar

1. પ્રસ્તાવનાઃ

ચંદ્રગુપ્ત મૌર્યના માર્ગદર્શક એવા કૌટિલ્યે **अर्थशास्त्रम्**ગ્રંથ સંસ્કૃતમાં રચેલ. જ્યાં **अर्थ**શબ્દ સંસ્કૃતમાં બહુપદી છે; જે વ્યાપક અર્થ ધરાવે છે. 'અર્થશાસ્ત્ર' પ્રાચીન ભારતીય જ્ઞાન પ્રણાલીનો એક એવો અમૂલ્ય ગ્રંથ છે કે જેમાં રાજ્ય, રાજનીતિ, કૂટનીતિ, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર તેમજ ન્યાયશાસ્ત્ર વગેરે જેવા 180 વિષયો પર ગહન ચિંતન રજૂ કરવામાં આવ્યું છે. આ વિષયોને પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવ્યા છે, કેટલાક પ્રકરણોમાં બહુવિધ વિષયો છે જ્યારે કેટલાક વિષયો બહુવિધ પ્રકરણોમાં સમાવિષ્ટ છે.

અર્થશાસ્ત્રની રચના મૌર્ય સામ્રાજ્યના સ્થાપક અને પ્રથમ સમ્રાટચંદ્રગુપ્ત મૌર્યના મહામંત્રીકૌટિલ્ય દ્વારા ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં કરવામાં આવી હતી. અર્થશાસ્ત્રના સંકલનકર્તા તરીકે લખાણમાં ત્રણ નામોનો ઉલ્લેખકરવામાં આવ્યો છે, કૌટિલ્ય, વિષ્ણુગુપ્ત અને ચાણક્ય.વિદ્વાનો હસ્તપ્રતોના કેટલાક વિભાગોમાં શૈલીયુક્ત તફાવતને આધારે આ નામોને અલગ-અલગ વ્યક્તિ તરીકે જુએ છે, પરંતુ બહુમતી મતાનુસાર આ ત્રણેય નામ ભારતના સૌથી પ્રભાવી ચિંતક કૌટિલ્યના જ છે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, નંદ વંશના મગધના શાસક ધનાનંદને હરાવ્યા બાદ ચંદ્રગુપ્ત મૌર્યને એક સમર્થ રાજા બનાવવા અને મૌર્ય સામ્રાજ્યમાં આદર્શ સુશાસનની સ્થાપના કરવાના હેતુથી કૌટિલ્યે આ ગ્રંથ તૈયાર કર્યો હતો. જેના દ્વારા ચંદ્રગુપ્તે મગધ પર આશરે ચોવીસ વર્ષ સુધી એકછત્ર રાજ કર્યું. કૌટિલ્ય રચિત 'અર્થશાસ્ત્ર' ગ્રંથ સદીઓ સુધી વિલુપ્ત રહ્યો, 1905માં આ વિલુપ્ત મનાતા ગ્રંથની હસ્તપ્રત શોધાયા બાદ પ્રાચીન ભારતની વહીવટી શક્તિનો દુનિયાને પરિચય થયો. તાડના પાન પર સંસ્કૃતમાં લખાયેલ અર્થશાસ્ત્રની એક નકલ, તંજાવુરના એક તમિલ બ્રાહ્મણ દ્વારા બ્રિટીશ ઇતિહાસકાર બેન્જામિન લુઈસ રાઇસના નેતૃત્વ હેઠળ નવી ખુલેલી મૈસુર ઓરિએન્ટલ લાઇબ્રેરીને સોંપાઈ. તત્કાલીન ગ્રંથપાલ અને સંસ્કૃત વિદ્વાન આર. શામશાસ્ત્રીએ આ લખાણને 'અર્થશાસ્ત્ર' તરીકે ઓળખાવ્યું. વધુમાં, શામશાસ્ત્રીએ 1909માં તેનું સંસ્કૃત સંસ્કરણ તેમજ 1915માં અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો.

2. પ્રસ્તુત અભ્યાસની સુસંગતતાઃ

ઋગ્વેદ અને મહાભારત જેવા ગ્રંથોમાં પણ અર્થશાસ્ત્રના પૂર્વ-સંદર્ભો જોવા મળે છે. કૌટિલ્યે આ પરંપરાગત જ્ઞાનને પોતાના વાસ્તવિક અનુભવો સાથે જોડીને એક પરિપૂર્ણ ગ્રંથ તૈયાર કર્યો હતો.માત્ર આદર્શવાદી વિચારોને વળગી રહેવાને બદલે, આ ગ્રંથ ચાર્વાક દર્શનથી પ્રભાવિત થઈને તર્કબદ્ધ અને પરિણામલક્ષીવાસ્તવવાદી અભિગમ અપનાવે છે. 2400 વર્ષ જૂનો આ ગ્રંથ આજના આધુનિક નીતિ માળખામાં આજે પણ એક જીવંત માર્ગદર્શિકા પૂરી પાડે છે.

3. સંશોધન પ્રશ્નોઃ

1) 'સપ્તાંગ સિદ્ધાંત' રાજ્યકે દેશના વર્તમાન વહીવટી માળખા સાથે કેવી રીતે સંબંધિત છે?
2) આધુનિક વિદેશ નીતિમાં કૌટિલ્યના 'મંડળ સિદ્ધાંત'નો પ્રભાવ કેવો જોવા મળે છે?
3) કૌટિલ્યના કલ્યાણલક્ષી રાજ્યના વિચાર અને આધુનિક કલ્યાણકારી રાજ્ય વચ્ચે કઈ સમાનતા જોવા મળે છે?
4) કૌટિલ્ય દ્વારા રજૂ કરાયેલા કરવેરાનો સિદ્ધાંત, આધુનિક કર પ્રણાલી સાથે સુસંગત છે?

4. સંશોધનના હેતુઓઃ

1) 'સપ્તાંગ સિદ્ધાંત'ના અંગોનું વિશ્લેષણ કરી, તે રાજ્યકે દેશના વર્તમાન વહીવટી માળખા સાથે કેટલા સંબંધિત છે તેનું મૂલ્યાંકન કરવું.
2) કૌટિલ્યના 'મંડળ સિદ્ધાંત'નું અધ્યયન કરીને આધુનિક વિદેશ નીતિમાં તેની પ્રાસંગિકતા અને પ્રભાવનું વિશ્લેષણ કરવું.
3) કૌટિલ્યના કલ્યાણલક્ષી રાજ્યના વિચારો અને આધુનિક કલ્યાણકારી રાજ્યના કાર્યોવચ્ચેની સમાનતાઓનું તુલનાત્મક અધ્યયન કરવું.

4) કૌટિલ્યેદર્શાવેલકરવેરાના સિદ્ધાંતનુંવિશ્લેષણ કરી, તે આધુનિક કર પ્રણાલી સાથે કેટલા સુસંગત છે તેનું મૂલ્યાંકન કરવું.

5. સંશોધન પદ્ધતિઃ

પ્રસ્તુત સંશોધનની કાર્યપદ્ધતિ પ્રયોજિત ઐતિહાસિક સંશોધનના પરિપ્રેક્ષ્યમાં ગુણાત્મક વિશ્લેષણપર આધારિત છે, જેમાં કૌટિલ્ય રચિત *'અર્થશાસ્ત્ર'*,તેના પ્રમાણિત અનુવાદો અને સંબંધિત ગ્રંથોના વિશ્લેષણ દ્વારા પ્રાચીન સિદ્ધાંતોને આધુનિક શાસન અને અર્થતંત્ર સાથે તુલનાત્મક રીતે સરખાવવામાં આવશે. માહિતીના એકત્રીકરણ માટે ગૌણ સ્ત્રોતો જેમ કે પ્રમાણિત પુસ્તકો, સંશોધન લેખો, ઇતિહાસ ગ્રંથોઅને ઇન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હેતુલક્ષી પસંદગી પદ્ધતિ હેઠળ*અર્થશાસ્ત્ર*ના વિભિન્નપ્રકરણોમાંથી આધુનિક નીતિ માળખા સાથે સીધો સંબંધ ધરાવતા ભાગોની જ પસંદગી કરવામાં આવશે.

6. કૌટિલ્યનો 'સપ્તાંગ સિદ્ધાંત' - રાજનીતિ અને શાસનવ્યવસ્થાનો પાયોઃ

કૌટિલ્યના રાજનીતિ શાસ્ત્રમાં'સપ્તાંગ સિદ્ધાંત'એ રાજ્યના સુચારુ સંચાલન માટેનો પાયાનો સિદ્ધાંત છે. આધુનિક રાજનીતિ વિજ્ઞાનમાં જે રીતે કલ્યાણકારી રાજ્યની વિભાવના છે, તેના મૂળ કૌટિલ્યના*"प्रजासुखेसुखंराज्ञः।"*માં જોવા મળે છે. આ વ્યવસ્થામાં 'સ્વામી'(રાજા)ને રાજ્યનું સર્વોચ્ચ અંગ માનવામાં આવે છે, જે માત્ર શાસક નહીં પણ પ્રજાનો રક્ષક અને રાજ્યનું પ્રતીક પણ છે. જો કે કૌટિલ્ય નિરંકુશ સત્તાના વિરોધી હતા અને માનતા હતા કે રાજાએ આભિગામિક (આકર્ષણ), પ્રજ્ઞા (બુદ્ધિ), ઉત્સાહ અને આત્મસંપત (આત્મસંયમ) જેવા ગુણો કેળવવા જોઈએ. રાજાનું પોતાનું કોઈ વ્યક્તિગત ધ્યેય હોઈ શકે નહીં; તેનું સર્વસ્વ પ્રજાના હિત અને ભરણપોષણમાં જ હોવું જોઈએ.વર્તમાન રાજકીય પરિપ્રેક્ષ્યમાં, કૌટિલ્યનો આ સિદ્ધાંત'સામાજિક કલ્યાણ'અને 'જવાબદાર નેતૃત્વ' પર ભાર મૂકે છે. કૌટિલ્યે ઉત્તરાધિકારના મામલે લાયકાતને જે મહત્વ આપ્યું છે, તે આજે પણ કોઈ એકમ, સંસ્થાકે રાષ્ટ્રના સ્થિર ભવિષ્ય માટે અત્યંત પ્રાસંગિક છે.

કૌટિલ્યના રાજ્ય વહીવટમાં 'રાજા' અને 'અમાત્ય/મંત્રી'ને સામ્રાજ્યરૂપી ગાડાના બે પૈડાં સમાન ગણાવ્યા છે. મંત્રી એ રાજાનો અત્યંત વફાદાર, હિતેષી અને કુશળ સલાહકાર ગણાતો ઉચ્ચ પદાધિકારી છે, જેના સક્રિય સહકાર વગર સફળ શાસન અશક્ય છે. અમાત્યની પસંદગી પ્રક્રિયા અત્યંત જટિલ હતી; તેમની નિમણૂક કરતા પહેલા 'ઉપધા-પરીક્ષણ' (કસોટી) દ્વારા ચાર સ્તરે યોગ્યતા ચકાસવામાં આવતી હતીઃ જેમાં ધર્મોપધા (ધાર્મિકતા), અર્થોપધા (નાણાકીય પ્રામાણિકતા), કામોપધા (ચારિત્ર્ય) અને ભયોપધા (ભય સમયે વફાદારી) સામેલ છે.વહીવટી માળખામાં 'પુરોહિત'નું પદ પણ અત્યંત પ્રતિષ્ઠિત હતું.વહીવટી દ્રષ્ટિએ અમાત્ય આવક-જાવક, યુદ્ધની વ્યૂહરચના અને રાજ્યરક્ષણ જેવા ભૌતિક કાર્યો સંભાળતા, જ્યારે પુરોહિત ધર્મ, શિક્ષણ અને નીતિના વિષયોમાં રાજાના મુખ્ય સલાહકાર તરીકે નૈતિક માર્ગદર્શન પૂરું પાડતા. વર્તમાન સંદર્ભમાં પણ, જો ઉચ્ચ પદાધિકારીઓ અને મંત્રીઓ આવી ચારિત્ર્ય શુદ્ધિ અને વફાદારી સાથે કાર્ય કરે, તો જ રાષ્ટ્રનો સર્વાંગી અને પારદર્શક વિકાસ શક્ય બને છે.

કૌટિલ્યના સપ્તાંગ સિદ્ધાંતમાં 'જનપદ' (ત્રીજું અંગ) અને 'દુર્ગ/કિલ્લો' (ચોથું અંગ) રાજ્યની ભૌગોલિક અને સંરક્ષણાત્મક શક્તિના સ્તંભો છે. 'જનપદ' એ માત્ર જમીનનો ટૂકડો નહીં, પરંતુ તે ભૂમિ ઉપર કર્મઠ, વફાદાર તથા કર ભરવાની ક્ષમતા ધરાવતી પ્રજાનો જીવંત સમન્વય છે, જે રાજ્યની આર્થિક શક્તિનું કેન્દ્ર બની 'કોષ' (ખજાનો) અને 'દંડ' (સેના)ને પોષણ પૂરું પાડે છે. રાજ્યના સંરક્ષણ માટે કૌટિલ્યે 'દુર્ગ' ને અનિવાર્ય ગણાવ્યો છે. જનપદ દ્વારા આર્થિક સમૃદ્ધિ અને દુર્ગ દ્વારા વ્યૂહાત્મક સુરક્ષા સુનિશ્ચિત કરીને કૌટિલ્ય એક મજબૂત અને આત્મનિર્ભર રાષ્ટ્રની વિભાવના રજૂ કરે છે.

કૌટિલ્યના સપ્તાંગ સિદ્ધાંતમાં'કોષ' (ખજાનો)ને રાજ્યનું હૃદય અને શક્તિનું મૂળ કેન્દ્ર માનવામાં આવે છે, કારણ કે તેમના મતે કોઈપણ વહીવટી કે લોકકલ્યાણના કાર્યની શરૂઆત 'અર્થ' (નાણાં)થી જ થાય છે. કૌટિલ્યનું સૂત્ર*"कोषमूलोदण्ड"*સ્પષ્ટ કરે છે કે સૈન્યબળનો આધાર સમૃદ્ધ ખજાનો જ છે; પૂરતા નાણાં વગર સૈનિકોનું ભરણપોષણ કે સંકટ સમયે રાજ્યની રક્ષા અશક્ય છે.

કૌટિલ્યના સપ્તાંગ સિદ્ધાંતમાં'દંડ'એ રાજ્યનું છઠ્ઠું અનિવાર્ય અંગ છે.અહીં 'દંડ'નો અર્થ માત્ર સજા નથી પરંતુ રાજ્યની સંરક્ષણ અને દમનશક્તિ એટલે કેસેનાને સૂચવે છે. કૌટિલ્ય સ્પષ્ટપણે માનતા હતા કે સૈન્યવિહીન રાષ્ટ્રની કલ્પના અશક્ય છે, કારણ કે પ્રભાવશાળી સૈન્યને કારણે શત્રુ પણ મિત્ર બનવા મજબૂર થાય છે અને રાજ્યની સાર્વભૌમત્વ જળવાય છે.

કૌટિલ્યના સપ્તાંગ સિદ્ધાંતનું સાતમું અને અંતિમ અનિવાર્ય અંગ'મિત્ર'છે, જે આંતરરાષ્ટ્રીય સંબંધો અને વિદેશ નીતિમાં રાજ્યની સ્થિરતાનું પ્રતીક છે. એક વ્યવહારુ રાજનીતિજ્ઞ તરીકે કૌટિલ્ય જાણતા હતા કે કોઈ પણ રાજ્ય ભલે ગમે તેટલું શક્તિશાળી હોય, તેએકલું ટકી શકતું નથી.કૌટિલ્ય અનુસાર, જે રાજા(વર્તમાન સમયે રાષ્ટ્ર) પાસે સારા મિત્રો નથી, તેનું પતન નિશ્ચિત છે. મિત્ર કોને બનાવવો અને મિત્રતા કેવી રીતે કરવી તે સમજાવવા માટે કૌટિલ્યે'મંડળ સિદ્ધાંત' આપ્યો છે. હકીકતે, મિત્ર એ રાજ્યની એવી શક્તિ છે જે યુદ્ધમાં સૈન્ય બળ પૂરું પાડે છે અને શાંતિના સમયમાં રાજ્યનું મનોબળ અને વૈશ્વિક પ્રતિષ્ઠા વધારે છે.

7. કૌટિલ્યનો મંડળ સિદ્ધાંતઃ

કૌટિલ્યનો'મંડળ સિદ્ધાંત'એ આંતરરાષ્ટ્રીય સંબંધો અને વિદેશ નીતિનું એક વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક ભૌગોલિક મોડેલ છે. આ સિદ્ધાંત મુખ્યત્વે"શત્રુનો શત્રુ મિત્ર હોય છે"અને"મિત્રનો મિત્ર પણ મિત્ર હોય છે"તેવા તાર્કિક પાયા પર રચાયેલો છે. આ ભૌમિતિક માળખાના કેન્દ્રમાં વિજયની આકાંક્ષા ધરાવતો'વિજિગીષુ'રાજા હોય છે. કૌટિલ્યનું આ દર્શન રાજ્યોની વિસ્તરણવાદી પ્રકૃતિ અને સત્તાના અનિવાર્ય સંઘર્ષને સ્વીકારે છે. વર્તમાન ભૌગોલિક વ્યૂહરચનાઅને વૈશ્વિક રાજનીતિમાં પણ, રાષ્ટ્રીય હિતોની રક્ષા અને મૈત્રીપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે આ પ્રાચીન સિદ્ધાંત અસરકારક સાબિત થાય છે.

8. કૌટિલ્યના કલ્યાણલક્ષી રાજ્ય પરના વિચારોઃ

આધુનિક કલ્યાણલક્ષી રાજ્યો આવકનું પુનર્વિતરણ, ગરીબી નિવારણ, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ તેમજ સામાજિક ન્યાય પર વિશેષ ભાર મૂકે છે, જે તુલનાત્મક રીતે કૌટિલ્યના આર્થિક વિચારોથી જોડાયેલ છે.કૌટિલ્યે રાજ્યને આર્થિક-સામાજિક ક્ષેત્રમાં સક્રિય ભૂમિકા નિભાવનાર સંસ્થા તરીકે ગણાવી છે. આ રીતે, પ્રાચીન અને આધુનિક બંને પરિપ્રેક્ષ્યમાં રાજ્યની જવાબદારી પ્રજાના સર્વાંગી વિકાસ અને સુરક્ષા સાથે સંકળાયેલી હોવાનું સ્પષ્ટ થાય છે.

9. કૌટિલ્યનું આર્થિક દર્શનઃ

કૌટિલ્યે કરવેરાના સિદ્ધાંત તરીકે'ભ્રમર ન્યાય' રજૂ કર્યો છે; જે રીતે મધમાખી ફૂલોને નુકસાન પહોંચાડ્યા વિના તેમાંથી મધ એકત્રિત કરે છે, તેવી જ રીતે રાજ્યએ નાગરિકોની આર્થિક ક્ષમતાને હાનિ પહોંચાડ્યા વગર કર વસૂલવો. આ વિચાર આધુનિક અર્થશાસ્ત્રના'કરદાન ક્ષમતા'ના સિદ્ધાંત સાથે સુસંગત છે, જે સૂચવે છે કે કરનું ભારણ વ્યક્તિની આર્થિક સ્થિતિ મુજબ ન્યાયી હોવું જોઈએ.

10. અભ્યાસના તારણોઃ

- 'સપ્તાંગ સિદ્ધાંત' રાજ્યના સાત મૂળભૂત અંગો દ્વારા ચાલતી શાસન પ્રણાલી છે, જ્યાંરાજ્યકે દેશના વર્તમાન વહીવટી માળખામાં કાર્યપાલિકા, મંત્રીમંડળ, નાણાંકીય વ્યવસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ એ કૌટિલ્યના પ્રસ્તુત સિદ્ધાંત સાથે નોંધપાત્ર રીતે સુસંગત છે.
- કૌટિલ્યનો 'મંડળ સિદ્ધાંત' રાષ્ટ્ર હિત અને શક્તિ સંતુલન પર આધારિત એક વાસ્તવવાદી વિદેશ નીતિનું મોડેલ રજૂ કરે છે. આજની વૈશ્વિક રાજનીતિમાં પણ સમજૂતી, કરારો અને વ્યૂહાત્મક ભાગીદારી જેવી બાબતો આ સિદ્ધાંત સાથે સુસંગત જોવા મળે છે.
- સામાજિક સુરક્ષા અને યોગક્ષેમની વિભાવના કૌટિલ્યના વિચારોમાં સ્પષ્ટ જોવા મળે છે, જે આધુનિક કલ્યાણકારી રાજ્ય સાથે જોડાય છે.
- કૌટિલ્યનો કરવેરાનો સિદ્ધાંત આજનીપ્રગતિશીલ કર વ્યવસ્થા સાથે સુસંગત છે.

11. ઉપસંહારઃ

1905માં પુનઃશોધાયેલ કૌટિલ્યનો ગ્રંથ માત્ર ઐતિહાસિક દસ્તાવેજ નથી, પરંતુ તેઆધુનિક ભારત માટે માર્ગદર્શક 'આર્થિક બંધારણ' સમાન છે. 'સપ્તાંગ સિદ્ધાંત', 'મંડળ સિદ્ધાંત', 'અર્થવ્યવસ્થાને રાજ્યના અસ્તિત્વના પાયા તરીકેનો સ્વિકાર' અને 'ભ્રમર ન્યાય' જેવા સિદ્ધાંતો આજની શાસનવ્યવસ્થા, વિદેશ નીતિ, કલ્યાણકારી રાજ્યની વિભાવના અને કર નીતિ સાથે સ્પષ્ટ સામ્યતા ધરાવે છે. હકીકતે,કોઈરાજ્યકે દેશમાંસુશાસન ત્યારે જ શક્ય છે જ્યારે નેતૃત્વ કુશળહોય, અર્થતંત્ર મજબૂત હોય તથા વિદેશ નીતિ વ્યવહારુ હોય.


સંદર્ભોઃ

પુસ્તકોઃ

- મિશ્રા, આર. (2020). *ચાણક્ય નીતિઃ ચાણક્ય સૂત્ર સહિત.* ડાયમંડ બુક્સ.
- પિલ્લઇ, આર. (2018). *ચાણક્ય Mind* (ડિ. ગોહિલ, અનુવાદક; પ્રથમ આવૃત્તિ). આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
- રાવલ, એન. (2018). *કૌટિલ્યનું અર્થશાસ્ત્ર* (પ્રથમ આવૃત્તિ). પાર્શ્વ પબ્લીકેશન.
- प्रसून, एस. (2012). *चाणक्य नीति एवं कौटिल्य अर्थशास्त्र.* वी एंड एस पब्लिशर्स.
- मिश्र, ए. के. (n.d.). *कौटिल्य अर्थशास्त्र.* प्रभात प्रकाशन.

વેબસાઇટ અને લેખઃ

- Chanakya. (1981). *Chanakya Niti-Shastra: The political ethics of Chanakya Pandit* (M. Davis, Trans.). Sanskrit Documents. https://sanskritdocuments.org/english/chaaNakyaNiti.pdf
- Mark, J. J. (2020). *Arthashastra*. World History Encyclopedia. https://www.worldhistory.org/Arthashastra/
- Patheos. (2014, October). *Arthashastra of Kautilya by R. Shamasastry*. Patheos. https://www.patheos.com/blogs/hindu2/2014/10/arthashastra-of-kautilya-by-r-shamasastry/

વિકિપીડિયાઃ

- Wikipedia contributors. (2026a, January 22). *Chanakya*. Wikipedia. https://en.wikipedia.org/wiki/Chanakya
- Wikipedia contributors. (2026c, February 17). *Arthashastra*. Wikipedia. https://en.wikipedia.org/wiki/Arthashastra
- Wikipedia contributors. (2026d, February 19). *Maurya Empire*. Wikipedia. https://en.wikipedia.org/wiki/Maurya_Empire